# ધાનેરામાં ભૂકંપના આંચકાથી ભયનો માહોલ

ધાનેરા, તા. ૧૪

ધાનેરા, ડીસા, પાલનપુર, અમીરગઢ, પાંથાવાડા સહીતના અન્ય ગામોમાં પણ ભૂકંપના આંચકા અનુભવતા લોકોમાં ભારે ભયનો માહોલ જોવા મળ્યો હતો અને લોકો પોતાનો જીવ બચાવવા માટે ઘરની બહાર દોડી આવ્યા હતા. સદનસીબે કોઈ જાનહાની ન થતા તંત્રએ પણ રાહતનો શ્વાસ લીધો હતો.

સમગ્ર લોકો હોળીના રંગે રંગાયા હતા અને વહેલી સવારથી જ હાથમાં કલર લઈ એકબીજા ઉપર કલર નાખી હોળીની ખુશી માનવી રહ્યા હતા ત્યારે અંદાજે બપોરના ૩ વાગેને ૫૮ મિનિટે ૪.૬ ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો આવતા લોકો માં ભારે ભયનો માહોલ જોવા મળ્યો હતો અને લોકો પોતાનો જીવ બચાવવા માટે ઘરની બહાર દોડી આવ્યા હતા.

૧૭ વર્ષ અગાઉ ૨૬ મી જાન્યુઆરીના દિવસે પણ ધાનેરામાં ભુકંપના આંચકા આવ્યા હતા અને લોકો ભયભીત બની ગયા હતા જયારે કચ્છમાં કુદરતે કાળો કેર વર્તાવ્યો હતો અને બનાસકાંઠા જિલ્લામાં કોઈ જાનહાની ન સર્જાતા લોકો ધ્વારા તે દિવસથી લઈ આજ દિવસ સુધી ૨૬મી જાન્યુઆરીના દિવસે ધરતી માતાની પૂજા અર્ચના કરે છે.



# આજથી બોર્ડની પરીક્ષા

તા. ૧૫ માર્ચથી ધોરણ-૧૦ અને ૧૨ની બોર્ડ પરીક્ષાનો આરંભ થઈ રહ્યો છે. સવારથી પરીક્ષા કેન્દ્રો પર બોર્ડ પરીક્ષા આપનાર છાત્રોને રીસીપ્ટ ચેક કર્યા પછી કેન્દ્રમાં પ્રવેશ અપાશે. બોર્ડ પરીક્ષા આપનાર છાત્રો બિનજરૂરી હાઉમાંથી બહાર આવે તે માટે અનેક કેળવણી મંડળો દ્વારા પરીક્ષા આપનારા છાત્રાને કુમકુમ તિલક અને મોં મીઠુ કરાવી પરીક્ષા કેન્દ્રમાં પ્રવેશ અપાશે તે અગાઉ અરવલ્લી ડી.ઈ.ઓ. કચેરી દ્વારા બોર્ડ પરીક્ષા આપનારા છાત્રોને કોઈ અગવડતા ના પડે તે માટેનું ખાસ ધ્યાન રખાઈ રહ્યુ છે. જિલ્લાના તમામ ૩૬ પરીક્ષા કેન્દ્રોને સી.સી. ટી.વી. કેમેરાથી સજ્જ કરાયા છે. પરીક્ષા પૂર્ણ થયા પછી કેન્દ્ર સંવાહકને તમામ પરીક્ષા ખંડનુ વિડીયો રેકોર્ડીંગ સી.ડી. મારફતે ઝોનલ કચેરીમાં મોકલી આપવા માટે તાકીદ કરાઈ છે. આજથી શરૂ થતી બોર્ડ પરીક્ષામાં ધોરણ-૧૦માં ૨૨૧૫૭ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે જ્યારે ધોરણ-૧૨માં ૧૦૪૫૦ છાત્રો નામાના મુળતત્વો વિષયની પરીક્ષા આપશે. જ્યારે વિજ્ઞાન પ્રવાહ સેમેસ્ટર-૪માં ૨૮૯૬ છાત્રો પરીક્ષા આપશે. જ્યારે પરીક્ષા કેન્દ્રો ઉપર ગેરરીતી ના આચરાય તે માટે રાજ્યોની સ્કવોર્ડ અને ફલાઈંગ સ્કવોડ હાજર રહેશે. આ અંગે જિલ્લા શિક્ષણાધિકારી એ.પી. ઝાલાનો સંપર્ક કરતાં પરીક્ષા કેન્દ્રમાં કોઈપણ પ્રકારના વિજાણુ યંત્રનો ઉપયોગ ઉપર પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે. છતાં કોઈપણ કેન્દ્ર ઉપરથી જો ફરીયાદ મળશે અને તથ્ય જણાશે તો પ્રથમ કેન્દ્ર સંવાહક અને ત્યારબાદ જવાબદાર કર્મચારી પર પગલા ભરવામાં આવશે.





## ધાનેરામાં હોલિકા દહન કાર્યક્રમ યોજાયો

ધાનેરા નગરપાલિકા ચોક માં હોલિકા દહન કરવામાં આવ્યું હતું જેમાં પાલિકા પ્રમુખ સહીત મોટી સંખ્યા માં લોકોએ હાજર રહી પૂજા અર્ચના કરી હોલિકા દહન કર્યું હતું. ધાનેરાની તમામ જાતિના લોકોએ ભેગા મળી ધાનેરા નગરપાલિકા ચોક ખાતે હોલિકા દહનના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં પાલિકા પ્રમુખ સહીત મોટી સંખ્યામાં લોકોએ હાજર રહી હોલિકા દહન કર્યું હતું અને તેમાં ખજૂર ધાણી તેમજ નારિયેળ વધેરી આશીર્વાદ મેળવ્યા હતા.

# પ્રાંતિજના મજરા ખાતે પરંપરાગત હોલિકા ઉત્સવ યોજાયો

## ધગધગતા અંગારા ઉપર ખુલ્લાપગે શ્રધ્ધાળુઓ ચાલે છે : ભગવાન ભૈરવનાથની પરમકૃપાથી કોઈ દાઝતુ નથી

પ્રાંતિજ, તા. ૧૪

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના મજરા ખાતે છેલ્લા ૫૦૦ વર્ષથી પ્રાચીન પરંપરા મુજબ ઘરે ઘરે જઈ લાકડા છાણાં ઉગરાવી હોળીની રાત્રે બે અલગ અલગ હોળી પ્રગટાવવામાં આવે છે અને વર્ષોથી ચાલી આવતી પરંપરા યંત્ર યુગમાં આજે પણ યથાવત છે.

પ્રાંતિજના મજરા ગામમાં ભૈરવનાથ મંદિરના ચોકમાં બે હોળી પ્રગટાવવામાં આવે છે જેમાં એક હોળીમાં લાકડાં મુકવામાં આવે છે અને બીજી હોળી છાણાં મુકવામાં આવે છે અને લાકડાંના અંગારા પડયા હોય તેના પરથી બાળકોથી માંડીને યુવાનો, વુધ્ધો સળગતા અંગારા પરથી ખુલ્લા પગે ચાલે છે છતાં હજુ સુધી કોઈપણ દાઝયુ હોય તેવો કોઈ બનાવ બન્યો નથી.

ત્યારે દાદા ભૈરવનાથના દર્શન તથા મજરાની હોલિકા દહન જોવા માટે શ્રધ્ધાળુઓ પ્રાંતિજ તથા તાલુકા સહિત મહેસાણા, અમદાવાદ, મોડાસા, ગાંધીનગર વગેરે જગ્યાએ જીલ્લાઓમાંથી આવે છે અને પોતાની રાખેલ માનતા બાધા પુર્ણ કરે છે. ત્યારે અંગારામાં ચાલવાની પરંપરાં પ્રચલિત થઈ છે તેને ગ્રામજનો ભૈરવનાથની કૃપામાને છે અને હોળીના દિવસે જો કોઈ કુટુંબમાં પુત્ર હોય તો તે નિમિત્તે બાળકને પહેલી હોળીના દર્શન કરાવે છે અને નવા પરણેલા દંપતિ હોળીના દર્શન કરી પ્રદક્ષિણા કરે છે. ત્યારે ખેડૂતો અગ્નિની જયોતિમાં પૂળા લઈને પ્રગટાવી તે ઘાસ પોતાના ઘરે પશુઓનેખવડાવેછે ત્યારે મજરા ખાતે દુરદુરથી લોકો આવીને દાદાભૈરવના દર્શન કરી હોળીના દર્શન કરી ધાણી ખજૂર શ્રીફળ ચડાવીનેપૂંજા કરી ધન્યતા અનુભવે છે.



## વણાગલા તેલબીયાં ઉત્પાદક મંડળીને ફડચામાં લઈ જવાઈ

વણાગલા તેલબીયાં ઉત્પાદક સહકારી મંડળી વણાગલા તાલુકો ઉંઝાને ૨૪ નવેમ્બર ૨૦૧૬ના રોડ ફડચામાં લઈ જવાઈ છે. જેના ફડચા અધિકારી તરીકે ૯ ફેબ્રુઆરીના રોજ એચ.એસ. પટેલની નિમણુંક કરાઈ છે. આ અંગેના હિતસંબધિતોએ આધાર-પુરાવા સાથે ૩૦ દિવસમાં ફડચા અધિકારી બ્લોક નં-૩, બહુમાળી મકાન, બીજો માળ મહેસાણાનો સંપર્ક સાધવાનો રહેશે.





અરવલ્લી જિલ્લામાં અનોખી રીતે હોળી ધૂળેટીના દિવસે સવારે પ્રગટાવાય છે. હોળીની ઝરોળ ઉપરથી આવનાર વર્ષ કેવુ રહેશે તેવુ નક્કી કરાય છે. મેઘરજના બાંઠીવાડા બાર મુવાડાના દસ હજારથી વધુ લોકા ઉમટ્યા હતા.

# મેઘરજ તાલુકાના બાંઠીવાડા ગામે ૧૨ ગામોના મુવાડાની સંયુક્ત હોળી પ્રગટાવાઈ

મેઘરજ, તા. ૧૪

અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકાના બાંઠીવાડા ગામે છેલ્લા કેટલાય વર્ષોથી હિન્દુ ધર્મનો હોળીનો તહેવાર આજુબાજના ૧૨ ગામોના મુવાડાના હજારો લોકોની જનમેદની ભેગી મળી ધૂળેટીના દિવસે સવારે સાડા અગિયાર વાગે અનોખી રિતે પ્રાચીન પરંપરાઓ મુજબ સોમવારના રોજ હોળીકા દહન કરવામાં આવ્યું હતું.

બાંઠીવાડા ગામમાં છેલ્લા કેટલાય વર્ષોથી હોળીનો તહેવાર ધૂળેટીના દિવસે ઉજવવામાં આવે છે અને ધૂળેટીના દિવસે સવારમાં હોળી પ્રગટાવવામાં આવે છે. આ ગામમાં આજુબાજુના ૧૨ મુવાડાના લોકો એક વિશાળ ખેતરમાં હોળીના ઢોલ, ડાંડીયા રમવા માટે રંગબેરંગી લાકડીઓ લઈ હજારો લોકો એકત્ર થયા હતા અને લોકોએ મુવાડા વાર અલગ અલગ જુથ બનાવી ઢોલના તાલે ડાંડીયાની રમઝટ જમાવી હતી અને ત્યારબાદ સૌ લોકોની ઉપસ્થિતિમાં બંદુરથી હોળીના લાકડામાં ઉભી કરવામાં આવેલ ધજા ઉડાડી હોળી પ્રગટાવવામાં આવી હતી અને મોટી સંખ્યામાં હોળીમાં નાળીયેર હોમવા લોકો લાઈનમાં જોડાયા હતા અને હજારો નાળીયેર હોળીમાં હોમાયા હતા. હોળીના તહેવારને લઈને યુવાનો અને વૃદ્ધોમાં પણ અનેરો આનંદ અને ઉત્સાહ જોવા મળ્યો હતો.





## ખેડબ્રહ્મા તાલુકાના આગીયા ગામે હોળીના અંગારા પર ચાલ્યા શ્રદ્ધાળુ

સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા તાલુકાના આગીયા ગામમાં હોળી પર્વની ઉજવણી મહાકાળી માતાજીની પૂજાવિધિ સાથે શરૂ કરવામાં આવી હતી અને ત્યારબાદ હોળી પ્રગટાવી તેના ધગધગતા અંગારા પર શ્રદ્ધાળુઓ ચાલ્યા હતા. આગીયા ગામમાં રવિવારે સાંજના હોળી પ્રગટાવવામાં આવી હતી. હોળી પ્રગટાવ્યા બાદ વાઘેલા વંસજોએ એક વાંસ સળગાવી તેને મહાકાળી માતાજી મંદિર પાસે વાવમાં ઠંડો કરવામાં આવ્યો હતો. ત્યાર બાદ મહાકાળી માતાજીના જયઘોષ સાથે હોળીના ધગધગતા અંગારા પર નાના બાળકોથી માડી સૌ કોઈ ચાલ્યા હતા. પાંડવકાળથી ચાલી આવતી આ પરંપરામાં અંગારા પર ચાલવા છતાં કોઈ દાઝતુ નથી હોળી પર્વની ઉજવણી માટે ટ્રસ્ટના પ્રમુખ ભૂતપસિંહ વાઘેલા, ટ્રસ્ટી જનકસિંહ વાઘેલા, ડાહ્યાભાઈ પટેલે જહેમત ઉઠાવી હતી. આ અનોખી હોળીના દર્શન કરવા ગુજરાતમાંથી દૂર દૂરથી તેમજ રાજસ્થાનના શ્રદ્ધાળુ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## માહિતી કચેરીના કર્મયોગીની બઢતી સાથે બદલી કરાઈ

મહેસાણા, તા. ૧૪

મહેસાણા જિલ્લામાં માહિતી કચેરીમાં કાર્યરત કર્મયોગી સહાયક અધિક્ષક વી.જી.નાયકની બઢતી સાથે બદલી પાલનપુર અધિક્ષક તરીકે કરાઈ છે. વી.જી.નાયક જિલ્લા માહિતી કચેરી મહેસાણા ખાતે સહાયક અધિક્ષક તરીકે ફરજ બજાવતા હતા જિલ્લા માહિતી કચેરી મહેસાણાના સ્ટાફ દ્વારા વિદાય સમારંભ યોજવામાં આવ્યો હતો. જેમાં નાયકને પ્રગતિની શુભકામનાઓ પાઠવાઈ હતી. નાયકના વિદાય સમારંભમાં નાયબ માહિતી નિયામક પરેશ જી શાહ સહાયક માહિતી નિયામક આર.એસ. પટેલ સહિત માહિતી કચેરી મહેસાણાના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ખેડબ્રહ્મા શહેરમાંથી બાઈક ચોરાયુ

ખેડબ્રહ્મા, તા. ૧૫

ખેડબ્રહ્મા શહેરના રહિશ મહેશભાઈ જેઠાભાઈ વણકર ઉન્ડવા ખાતે રહે છે. તેઓ પોતાનુ બાઈક ગત તા. ૧૨-૩-૧૭ના રોજ રાત્રે ૮ વાગે ઘરેથી સ્પ્લેન્ડર જી.જે.૮.એએ.૪૬૮૯ અંબિકા માતાજી મંદિરે દર્શન કરવા ગયા હતા અને બાઈક પાર્કીંગમાં પાર્ક કરી અંદર ગયા હતા અને એકાદ કલાક બાદ પરત પાર્કિંગમાં આવતા બાઈક ન મળતા આજુબાજુ તપાસ કરતા ન મળી આવી હતી. જેથી તપાસ કરતા ન મળતા મુકેશભાઈ જે. વણકરે અજાણ્યા ચોર ઈસમો વિરૂદ્ધ પરિયાદ નોંધાવતા પોલીસે બાઈક કિંમત રૂ. ૮ હજારની ચોરી નોંધી તપાસ હાથ ધરી હતી.

## કલોલ કંપામાં હોળી પ્રગટાવી વર્ષનો વરતારો કાઢવામાં આવ્યો



ખેડબ્રહ્મા, તા. ૧૪

ખેડબ્રહ્મા તાલુકાના કલોલકંપા હોળી પ્રગટાવવાની જગ્યાએ એક ખાડો કરી તેમાં ચોમાસાના ચાર માસ મુજબ ચાર માટીના ઢેફા મુકવામાં આવે છે. તેના પર પાણીનો ઘડો અને ખીચડી મુકી હોળી પ્રગટાવવામાં આવી હતી. બીજા દિવસે ખાડામાંથી માટીના ઢેફા જે પ્રમાણે પલળ્યા હોય તે મુજબ વરસાદનો વરતારો કરવામાં આવ્યો હતો. આ વર્ષે ૨૫ ટકા વરસાદનો વરતારો કરવામાં આવ્યો હતો.

# યુગાન્ડાના વડાપ્રધાન બનાસ ડેરીની મુલાકાતે આવ્યા

પૂર્વ આફ્રિકના યુગાન્ડા દેશના વડાપ્રધાન શ્રી રૂહાકાના રુગુંડા ભારત દેશની ત્રણ દિવસ માટે મુલાકાતે આવેલા ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની મુલાકાત દરમિયાન ૧૦૦ મીલીયન ડોલર ભારતમાં રોકાણ કરવા માટેની ઈચ્છા દર્શાવેલ તેઓએ એગ્રોપ્રોસેસીંગમાં રોકાણ કરવાની ઈચ્છા હોઈ વડાપ્રધાનશ્રીએ ગુજરાતમાં એશિયાની સૌથી મોટી બનાસડેરી મુલાકાત લેવા માટે જણાવેલ તે અનુસંધાને બનાસડેરી પાલનપુરની મુલાકાત લઈ દૂધ અને દૂધની બનાવટો બનતી જોઈ તેઓ ખુબ જ પ્રભાવિત થયેલ.

યુગાન્ડા દેશમાં ૨૭૦૦૦ ભારતીય લોકો નિવાસ કરી રહયા છે સાથે સાથે યુગાન્ડાની આર્થિક પ્રગતિમાં તેઓ સહયોગી બની રહયા છે. આ દેશમાં ૬૮ ટકા ટેક્સ ભારતીયો ભરેછે. યુગાન્ડામાં વસતા ભારતીય લોકો એજ્યુકેશન, હેલ્થકેર, એગ્રોપ્રોસેસીંગ, આઈ.ટી અને ટુરીઝ્મ ક્ષેત્રમાં કામ કરી ભારતનું નામ રોશન કરી રહ્યાછે

શ્રી રૂહાકાના રુગુંડા ની મુલાકાતને બનાસડેરીના માન.ચેરમેન શ્રી શંકરભાઈ ચોધરી અને નિયામક મંડળના સભ્યો શ્રી ઓએ આવકારી હતી અને કહયું હતું કે આવનારા સમય માં બનાસડેરી વિદેશમાં પણ વિકાસનો નવો રાહ ચિંધશે, આ પ્રસંગે બનાસડેરીના સિનીયર અધિકારીશ્રીઓએ શ્રી રુગુંડા નું સ્વાગત કર્યું હતું. શ્રી રુગુંડા પણ બનાસ ડેરીનો વિકાસ તેમજ વ્યવસ્થા જોઈ ખુબજ પ્રભાવિત થયા હતા.



## ખેડબ્રહ્મામાં ધામધૂમથી ધૂળેટીનું પર્વ ઉજવાયુ

ખેડબ્રહ્મા શહેરમાં સોમવારે રંગેચંગે ધૂળેટીનુ પર્વ મનાવવામાં આવ્યુ હતુ. શહેરના પટેલ ફળી, બ્રહ્માજી ચોકમાં ડીજેના તાલે ધૂળેટી ઉજવતુ યુવાધન નજરે ચડ્યુ હતુ. તો કેટલાક લોકોએ ફક્ત તીલક કરી ધૂળેટી ઉજવી હતી. નાના બાળકો લોકોને રંગી હોળીની ગોઠ માગી ખૂશ થતા નજરે પડ્યા હતા.